SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR – 388 120 (GUJARAT) INDIA
NAAC Re-Accreditation CGPA 3.25 GRADE – 'A'
Website: www.spuvvn.edu Fax: (02692) 230309, 226804

એકેડેમીક વિભાગ

# પરીપત્ર

સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત બી.એડ્. કોલેજ અને સંલગ્ન સ્વનિર્ભર બી.એડ્. કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે બી.એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ અંતર્ગત ઓપન રાઉન્ડ બાદ વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ રદ્દ કરાવતાં ખાલી થયેલ સીટો માટે વિવિધ બી.એડ્. કોલેજોની રજૂઆતોનાં સંદર્ભે બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિની સભા તા.૧૮/૦૭/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે મળી હતી જેમાં નીચે મૂજબનો અંતિમ ઓપન રાઉન્ડની ભલામણ કરવામાં આવેલ છે.

**બી.એડ્. અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયાનો અંતિમ ઓપન રાઉન્ડ નીચે મુજબ રહેશે.**

| | |
|---|---|
| **૨૧/૦૭/૨૦૨૨ થી ૨૬/૦૭/૨૦૨૨** | ૧. જે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાં પ્રવેશ ફોર્મ સહિત અસલ દસ્તાવેજોનું વેરીફીકેશન કરાવેલ છે તેઓએ ફોર્મ વેરીફીકેશન કરાવવાનું રહેશે નહી. તેમજ નવું પ્રવેશ ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી. સદર વિદ્યાર્થીઓએ ખાલી સીટો અંગેની માહિતી જે તે બી.એડ્. કોલેજોમાંથી મેળવી લેવાની રહેશે.<br>૨. પ્રોસેસીંગ ઓફ એપ્લીકેશન ફોર એડમીશન ફી રૂ. ૨૦૦/- પરત મળવાપાત્ર નથી માટે વિદ્યાર્થી દ્વારા જે તે બી.એડ્. કોલેજમાં ખાલી જગ્યાની માહિતી મેળવી ત્યારબાદ જ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.<br>3. વિદ્યાર્થીએ **તા. ૨૧/૦૭/૨૦૨૨ થી તા. ૨૩/૦૭/૨૦૨૨ સાંજે ૫.૦૦ કલાક** સુધી ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરી તેની પ્રિન્ટ સહિત જે તે બી.એડ્. કોલેજમાં સંપર્ક કરવાનો રહેશે.<br>૪. જે બી.એડ્. કોલેજોમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ રદ્દ કરાવેલ છે તે અંગેની જાણ કોલેજોએ યુનિવર્સિટીમાં તા.૨૨/૦૭/૨૦૨૨ સુધીમાં કરવાની રહેશે.<br>૫. કોલેજો દ્વારા પ્રવેશ ફોર્મ પર પ્રવેશ આપવા અંગેની ભલામણ, તેમજ સહી સિક્કા કરી પ્રવેશ ફોર્મ સહિત અસલ દસ્તાવેજોનું વેરીફીકેશન યુનિવર્સિટીમાં **તા. ૨૬/૦૭/૨૦૨૨ સાંજના ૪.૦૦ કલાક** સુધી કરાવી પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. ત્યારબાદ પ્રવેશ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી. |
| **ખાસ નોંધ** | ૬. તમામ બી.એડ્. કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ બી.એડ્.અભ્યાસક્રમ માટે આ અંતિમ ઓપન રાઉન્ડ હોઇ, હવે પછી થી ચાલુ શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ ફાળવવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી. |

નોંધ : ૧. યુનિવર્સિટી/NCTE, New Delhi દ્વારા કોઇ કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવશે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૨. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઇપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

નંબરઃ ડી/બી.એડ્./૨૦૨૨-૨૩/૨૮૫૧
તારીખઃ ૧૮/૦૭/૨૦૨૨
વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

નકલ રવાનાઃ

૧. આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજો તરફ.

૨. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ યોગ્ય ઘટતી કાર્યવાહી કરવા જાણ સારૂ.